

# પેન્સિલની કથા

**— પાઉલો કૉએલ્હા**

**સારાનુવાદ : કાન્તિ પટેલ**

દાદીમા કાગળ લખી રહ્યાં હતાં એ કૌશલ જોઈ રહ્યો હતો. પછી એકાએક એણે પૂછ્યું, ‘આપણે અહીં શું કર્યું છે તેની વાત તમે લખો છો દાદીમા ? કે પછી મારી વાત લખો છો?’

દાદીમાએ પત્રલેખનની પ્રવૃત્તિ અટકાવીને પૌત્ર તરફ જોઈ કહ્યું, ‘હા, ખરેખર હું તારા વિશે જ લખું છું પણ જે શબ્દ હું લખું છું તેના કરતાં જે પેન્સિલથી હું લખું છું તે વધારે મહત્ત્વની છે. તું મોટો થઈશ તો તને પણ આ પેન્સિલ ગમશે.

કૌશલે કુતૂહલથી પેલી પેન્સિલ તરફ જોયું. એને એમાં કંઈ વિશિષ્ટ જણાયું નહીં.
આથી એણે કહ્યું : ‘પણ આ તો બીજી પેન્સિલ જેવી જ છે !’

‘એનો આધાર તું કઈ દષ્ટિએ વસ્તુને જુએ છે, એના ઉપર છે. આ પેન્સિલમાં એવા પાંચ ગુણો છે જેને તું જો જીવનમાં ઉતારે તો માણસ તરીકે જગતમાં તને કોઈ પ્રશ્ન નહીં થાય.’ દાદીમાએ સમજાવ્યું.

પહેલો ગુણ : તું મહાન કાર્યો કરવાની શક્તિ ધરાવે છે. પણ તારે એ ભૂલવું ન જોઈએ કે પ્રત્યેક કદમ પર દોરનાર કોઈનો હાથ છે. આપણે એને ભગવાનનો હાથ માનીએ છીએ, જે એની ઈચ્છા અનુસાર આપણને દોરે છે.

બીજો ગુણ : થોડી થોડી વારે મારે લખવાનું અટકાવીને સંચો લઈને પેન્સિલની અણી કાઢવી પડે છે. એને કારણે પેન્સિલને છોલાવું પડે છે. થોડુંક સહન કરવું પડે છે. પણ પછી તે વધારે ધારદાર બને છે. તારે પણ કેટલુંક દર્દ તથા દુઃખ વેઠવા તૈયાર રહેવું જોઈએ. એનાથી તું ઘડાશે અને સારો માણસ બનશે.

ત્રીજો ગુણ : પેન્સિલથી લખવામાં એક સુખ છે. કંઈ ભૂલ થઈ જાય તો રબરથી તે ભૂંસી શકાય છે. કંઈક ખોટું થઈ ગયું હોય તો તેને સુધારી લેવું એ કંઈ ખરાબ વાત નથી. તેથી જીવનના માર્ગ પર આપણે આપણી જાતને ન્યાય આપી શકીએ છીએ.

ચોથો ગુણ : પેન્સિલની બાબતમાં બહારના લાકડાનું એટલું મહત્ત્વ નથી જેટલું અંદરના પાતળા, કાળા સીસાનું છે. તેથી તમારી અંદર શું ચાલી રહ્યું છે તેના તરફ હંમેશાં વધારે ધ્યાન આપો.

હવે પેન્સિલનો પાંચમો ગુણ : એ હંમેશાં પોતાની છાપ છોડે છે. તારે પણ એ વાતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે તું જે કાર્ય કરે તેની છાપ રહેવી જોઈએ. તેથી તારે એક–એક પગલું વિચારીને ભરવું જોઈએ.

■